અપીલ અરજી નં.૪૬૫ તા.૧૪–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ એન.બથવાર
સામાવાળાઃ– ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર એન્ડ ઈમરજન્સી વિ.)
પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન.બથવારની તા. ૧૨–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા શબવાહિની અને એમ્બ્યુલન્સનો ઈજારદાર એમ.આર.મોજીલા અને અશોક શર્માને કઈ તારીખથી ઈજારો–કોન્ટ્રાકટ આપેલ, કયા અધિકારીનાં આદેશથી આ કોન્ટ્રાકટ આપવામાં આવેલ હોય જે અંગેની માહિતીની નકલો વિ.મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૬૫/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન.બથવારની તા. ૧૨–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા શબવાહિની અને એમ્બ્યુલન્સનો ઈજારદાર એમ.આર.મોજીલા અને અશોક શર્માને કઈ તારીખથી ઈજારો–કોન્ટ્રાકટ આપેલ, કયા અધિકારીનાં આદેશથી આ કોન્ટ્રાકટ આપવામાં આવેલ હોય જે અંગેની માહિતીની નકલો વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૯૦ તા.૨૦–૧૨–૧૧ થી ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર એન્ડ ઈમરજન્સી વિ.), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ દરમ્યાન મળેલ હોય તો જાહેર માહિતી અધિકારીના મળેલ પ્રત્યુત્તરની નકલ સહ મુદ્દાવાઈઝ નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ના પત્ર નં.જાવક/જીએડી/ઈસેસટી/૩૨૦૬ તા.૨–૧–૧૨ થી નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૩૧ તા.૨૩–૧૧–૧૧ થી માહિતીની નકલ નાણાં ભરી મેળવવા અંગે લખેલ ન ત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૯૩ તા.૧૫–૧૧–૧૧ થી ચીફ ફાયર ઓફિસરશ્રી (ફાયર અને ઈમરજન્સી વિ.) તથા પર્સોનલ ઓફિસરશ્રી (મધ્ય.મહેકમ) ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી (ફાયર અને ઈમરજન્સી વિ.) તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૬–૧૨–૧૧ ના રોજ પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૨–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૯૩ તા.૧૫–૧૧–૧૧ થી ચીફ ફાયર ઓફિસરશ્રી (ફાયર અને ઈમરજન્સી વિ.) તથા પર્સોનલ ઓફિસરશ્રી (મધ્ય.મહેકમ) ને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે અરજીમાં મુદ્દા નં.(૧) ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા શબવાહિની અને એમ્બ્યુલન્સનો ઈજારદાર એમ.આર.મોજીલા અને અશોક શર્માને કઈ તારીખથી ઈજારો–કોન્ટ્રાકટ આપેલ, કયા અધિકારીનાં આદેશથી આ કોન્ટ્રાકટ આપવામાં આવેલ હોય જે અંગેની માહિતીની નકલો. મુદ્દા નં.(૨) શબવાહીની અને એમ્બ્યુલન્સના ઈજારદાર સદર વ્હીકલોનો દુરઉપયોગ બહાર ગામ લઈ જતા હતા અને ચાર આંકડાની ફી દર્દીઓના સગા પાસેથી વસુલી લઈ ખોટી રસીદથી વ્હીકલને સુરત વિસ્તારનાં રસ્તા જણાવી ૧૦૦/૨૦૦ ₹ ની રસીદ બનાવી રકમ એસ.એમ.સી.માં ભરી જણાવતા હતા. આ બાબતની ફરીયાદ થવાથી વિજીલન્સ ધ્વારા તપાસ થવાથી સદર બાબત સત્ય ફલિત થવાથી શ્રી દિલીપસિંહ ડોડીયાની ફકત બદલી કરવામાં આવેલ હોય જેની જગ્યાએ શ્રી દીલીપસિંહ ડોડીયા તથા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગમાં અન્ય કર્મચારીઓ, અધિકારીઓની વિરૂધ્ધ ખાતાકીય તપાસની કાર્યવાહી ન કરવા અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.(૩) સદર કૌંભાડ છેલ્લા ચાર વર્ષથી ચાલતો હોય જે કૌંભાડની કુલ રકમની માહિતીની નકલ. મુદ્દા નં.(૪) મજકુર વિભાગમાં હાલમાં ૧૦૦ વ્હીકલ સામે કુલ ૧૩૭ હેવી વ્હીકલ ડ્રાઈવરો ફરજ બજાવતા હોવા છતાં આવા કૌંભાડી કોન્ટ્રાકટરોને કયા અધિકારીના આદેશ હુકમથી હાલમાં મજકુર ઈજારદારનો કોન્ટ્રાકટ ચાલુ હોય જેઅંગેની માહિતીની નકલ. મુદ્દા નં.(૫) છ નવા તાલીમાર્થી ડ્રાઈવરોને તા.૨૯–૨–૧૧ ના રોજ જે તે ઝોન/વિભાગમાં નિમણુંક આપેલ હોય તે ઝોન/વિભાગની ડ્રાયવર લાયસન્સ નંબરની અને કર્મચારી નંબર સહિતની માહિતીની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૩૧ તા.૨૩–૧૧–૧૧ થી માહિતી/દસ્તાવેજો ની નકલ ના ₹૬૦/– (સાંઈઠ રૂપિયા પુરા) જમા કરાવી માહિતી મેળવવા જણાવવામાં આવે છે. તેવુ સમય અવધિમાં જણાવેલ. તથા જાવક નં.જીએડી/ઈએસટી/૩૨૦૬

તા.૨–૧–૧૨ ના નોંધ વિભાગમાં અરજદાર ધ્વારા આજદિન સુધી સદરહુ નકલ ફીના નાણાં જમા કરાવ્યા અંગેની જાણ મહેકમ વિભાગને થઈ નથી. તેવુ જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી ફાયર અને ઈમરજન્સી વિભાગ તરફથી મુદ્દા નં.૧ થી ૪ અંગે કોઈપણ માહિતી આપેલ હોવાનું જણાયેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારને અત્રેથી પાઠવેલ પત્રના અનુસંધાને તા.૨૬–૧૧–૧૧ના પત્રથી અરજીની સુનાવણીની તારીખ સહીતનો પત્ર પાઠવશો. જેમાં મુદ્દાવાઈઝ આધાર સહ રજુઆત કરીને જણાવીશું તેવુ જણાવેલ. પરંતુ મળેલ માહિતીના મુદ્દાવાઈઝ નારાજગી અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. તથા અપીલ અરજીમાં મુદ્દા નં.૧ તથા ૪ અંગેની માહિતીની નકલો મેળવવા રજુઆત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૨–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી પૈકી મુદૃ નં.૧ થી ૪ ની જાહેર માહિતી અધિકારી ફાયર અને ઈમરજન્સી વિભાગ તરફથી નહીં પુરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ફાયર અને ઈમરજન્સી વિભાગ ને જણાવવામાં આવે છે."

જે પૈકી મુદ્દા નં.પ અંગે જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ના પત્ર નં. જીએડી/ઈએસટી/૨૮૩૧ તા.૨૩–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં નાણાં ભરપાઈ કરીને માહિતી –નકલો મેળવી લેવાના કરેલા પ્રસ્તાવ અનુસાર નાણાં ભરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,

(૧) ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર એન્ડ ઈમરજન્સી વિ.), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) .....જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ એન.બથવાર,